# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-11-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ખેતી પાકોને થયેલ નુકસાનીનું સર્વે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં થયેલા કમોસમી વરસાદ અને ખેતી પાકોને થયેલા નુકસાન અંગે ખેડૂતોની પડખે ઉભા રહેવાના દિશાનિર્દેશો આપ્યા છે. તેમણે ચીફ સેક્રેટરી, એ.સી.એસ., કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગને અસગ્ર વિસ્તારોમાં તાત્કાલિક પંચકામ કરી ત્રણ દિવસમાં અહેવાલ રાજ્ય સરકારને મોકલવા સૂચના આપી હતી તથા જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ખેતીવાડી અધિકારીને જાણ કરવા આદેશો આપ્યા હતા જેથી ખેડૂતોના થયેલા નુકસાન અંગે સહયોગ કરવામાં મદદરૂપ બની શકે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સરકારનો ધ્યેય ખેડૂતોને થયેલા નુકસાન સામે ઝડપથી સહાય પહોંચાડવાનો છે. ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરિય બેઠકમાં તેમણે જુદા-જુદા જિલ્લાઓમાં થયેલા નુકસાનની સમીક્ષા કરી અને જરૂરી સહાયની પ્રક્રિયા ત્વરિત શરૂ કરવા સૂચના આપી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી જીતુ વાઘાણી આ બેઠકમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા અને સંબંધિત જિલ્લાઓના નુકશાનની વિગતો પુરી પાડી હતી.

--------------------------------------------------------------------------------

## મંત્રીઓને પ્રભારી મંત્રીની જવાબદારી

તાજેતરમાં થયેલા મંત્રીમંડળના વિસ્તરણ અને ફેરફાર બાદ તમામ મંત્રીઓને રાજ્યના વિવિધ જિલ્લાઓના પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી સહિત કુલ 25 મંત્રીઓને રાજ્યના વિવિધ જિલ્લાઓનો પ્રભાર સોંપવામાં આવ્યો છે. કચ્છના પ્રભારી તરીકે કાંતિલાલ અમૃતિયાને જવાબદારી સોંપવામાં આવી છે જ્યારે ત્રિકમભાઇ છાંગાને

મોરબી અને રાજકોટના સહપ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારના આ નિર્ણય દ્વારા મંત્રીઓ પોતપોતાના પ્રભારી જિલ્લાઓમાં સરકારી યોજનાઓ, વિકાસના કાર્યો અને વહીવટી પ્રવૃત્તિઓનું સીધું નિરીક્ષણ કરી શકશે, જેનાથી પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ વધુ ઝડપી બની શકશે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

અરબી સમુદ્રમાં સર્જાયેલા ડિપ્રેસનના કારણે રાજ્યમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી રહ્યો છે. કચ્છમાં બે દિવસથી છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. કચ્છમાં આજે વાદળોના જમાવડા વચ્ચે તાપમાન નીચુ ઉતરતા મોટાભાગના વિસ્તારોમા સવારે ઠંડીનો ચમકારો અનુભવાય હતો. નલિયામાં આજે લઘુત્તમ તાપમાન 20.8 ડિગ્રી અને જિલ્લા મથક ભુજમાં 22.6 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, આગામી ત્રણ દિવસ રાજ્યમાં છુટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. પાંચમા દિવસથી એટલે કે, 5 નવેમ્બરથી વરસાદની શક્યતા નહિવત જોવા મળશે.

---------------------------------------------------------------------------------------

## દેવ-દિવાળી પર્વની ઉજવણી

આજથી જિલ્લાના ઘણા ભાગોમાં દેવ દિવાળી પર્વની ઉજવણી થઈ રહી છે. વિક્રમ સંવતના નવા વર્ષની પ્રથમ અગિયારસ દેવ પ્રબોધિની કે દેવ ઊઠી અગિયારસ તરીકે ઉજવાય છે. ચોમાસાના ચાર મહિના દરમ્યાન શયનમાં પોઢી ગયેલા ભગવાન વિષ્ણુ આજે જાગૃત થાય છે તેવી પૌરાણિક માન્યતા છે. આજે ઘણા સ્થળે તુલસી વિવાહ મહોત્સવનો આરંભ થાય છે. આ વખતે અગિયારસની બે દિવસ ઉજવણી થઈ રહી છે.

---------------------------------------------------------------------------------------

## નાગલપુરમાં ગૌ નિવાસસ્થાનનું લોકાર્પણ

માંડવી તાલુકાના નાગલપુર ગામે 150 વર્ષ જૂની માંડવી પાંજરાપોળ તથા ગૌશાળામાં નવા ગૌ નિવાસસ્થાનનું લોકાર્પણ સમારંભ યોજાયો હતો. રાવ શિવજી દેવશી ગંગર, વિમળાબેન રતિલાલ ગંગર અને સરલાબેન બિપિન લાપસિયાના સહયોગથી બનેલા આ શેડનું ઉદ્ઘાટન સાધ્વી હર્ષગુણાશ્રીજી, મામલતદાર પ્રદ્યુમનસિંહ જેઠવા અને સંસ્થા પ્રમુખ મુલચંદભાઈ શાહના હસ્તે થયું હતું. સાધ્વીશ્રીએ ગૌસેવાને સર્વોત્તમ સેવા ગણાવી અને કરુણા તથા માનવતાનો પ્રતીક ગણાવ્યો હતો. કાર્યક્રમમાં દાતાઓનું સન્માન કરવામાં આવ્યું અને ગૌસેવાને જીવનનો સાચો ધર્મ ગણાવવામાં આવ્યો.

-----------------------------------------------------------------------------------

## જીરા વાવેતરની તાલીમ

કાઝરી કુકમા સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તાજેતરમાં રાપર તાલુકાના આડેસર ગામે જીરા વાવેતરની તાલીમ યોજાઈ હતી, જેમાં 40 ખેડૂતે ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ શુષ્ક પ્રદેશોમાં બીજ મસાલાની ઉત્પાદકતા અને નફાકારકતામાં વધારો થાય એ માટે ખેડૂતોમાં જીરાંની સુધારેલી જાતો અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અપનાવવાને પ્રોત્સાહન આપવાનો હતો. આ કાર્યક્રમ દરમિયાન, રાપર તાલુકાના 40 ખેડૂતને જીરું બિયારણની જીસી-4 જાતનું વિતરણ કરવામાં આવ્યું હતું.

-----------------------------------------------------------------------------------

## લાયન્સ હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન

લાયન્સ હોસ્પિટલની વિસ્તરતી સેવાઓને જોઈને યુકેના એક દાતાના સહકારથી પંચદિવસીય 220મો મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં 111 દર્દીઓના સફળ મોતિયાનાં ઓપરેશન કરવામાં આવ્યા હતા. દાતાના દાન-સહકાર બદલ ડાયાલિસીસ દર્દીના સંબંધીઓએ આભાર માન્યો હતો. જિલ્લાના કોઈ પણ ગામમાં ફ્રી આંખ નિદાન કેમ્પનું આયોજન કરવું હોય તો લાયન્સ હોસ્પિટલનો સંપર્ક કરી શકાય છે તેવું યાદીમાં જણાવાયું હતું.

---

# અબડાસાના ગરડા વિસ્તારમાં રસ્તાના કામો

રાજ્ય સરકાર દ્વારા અબડાસાના ગરડા વિસ્તારના રૂપિયા 5 કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામનાર ગ્રામ્ય માર્ગોનું ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે  ખાતમુહૂર્ત કરાયું હતું. નાનીબેર એપ્રોચ રોડ 133.80 લાખ, ઐડા એપ્રોચ રોડ 173.28 લાખ અને છસરા-લૈયારી રા. 194.20 લાખનના રસ્તાના કામો સહિત રૂપિયા પાંચ કરોડથી વધુના કામોનું ખાતમુહૂર્ત કરાયૂ હતું. આ પ્રસંગે ધારાસભ્ય પ્રદ્યુમનસિહે જણાવ્યૂં હતું કે 45થી વધુ માર્ગોના કામો મંજૂર થયેલા છે જે પૈકી અમુક કામો ટેન્ડર પ્રક્રિયામાં છે જે આવનાર સમયમાં પરીપૂર્ણ થશે.

---